# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ
## (આણંદ/નવસારી/જૂનાગઢ/સ.કૃ.નગર)

“એ-ગ્રુપ” અને “બી-ગ્રુપ” સંલગ્ન અભ્યાસક્રમોમા ડિપ્લોમામાંથી ડિગ્રીમાં પ્રવેશ માટેની જાહેરાત વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (આણંદ, નવસારી, જૂનાગઢ તથા સરદારકૃષિનગર દાંતીવાડા) માંથી ઉત્તીર્ણ થયેલ ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્ષના જે વિદ્યાર્થીઓ ડિપ્લોમા માંથી ડિગ્રી પ્રોગ્રામ હેઠળ સંલગ્ન ડિગ્રી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય અને તે માટેની ન્યૂનતમ લાયકાત GEN/SEBC/EWS-5.5 OGPA તથા ST/SC-5.0 OGPA ધરાવતા હોય તેમણે d2d.gsauca.in વેબસાઈટ ઉપરથી તા૧૧/૦૭/૨૦૨૨ થી તા. ૧૭/૦૭/૨૦૨૨ દરમ્યાન જરૂરી માહિતી સાથે ફોર્મ તેમજ ફોર્મ ફી પેટે ઓનલાઇન ₹ 300/-(અંકે રૂપિયા ત્રણસો પુરા) ભરવાના રહેશે. ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ તેની પ્રિન્ટ લઈ ફોર્મમાં દર્શાવેલ પ્રમાણપત્રો સાથે R.P.A.D./SPEED POST/રૂબરૂમાં કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા. ૨૫/૦૭/૨૦૨૨ સુધીમાં જમા કરવાનું રહેશે. લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની યાદી તા.૩૦/૦૭/૨૦૨૨ ના રોજ વેબસાઈટ d2d.gsauca.in પર મૂકવામાં આવશે. પરીક્ષા માટે લાયકાત ધરાવતા જે વિદ્યાર્થીઓનો યાદીમા સમાવેશ કરેલ છે તેવા વિદ્યાર્થીઓએ તા.૦૨/૦૮/૨૦૨૨ના રોજ પ્રવેશ ફોર્મમાં પસંદ કરેલ યુનિવર્સિટી ખાતે પ્રવેશ પરીક્ષા આપવા માટે હાજર રહેવાનું રહેશે તથા COVID-19 ના સંક્રમણને અટકાવવાની ગુજરાત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ફરજીયાત સોશીયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે ઓનલાઈન પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.

| ક્રમ | પોલીટેકનિક અભ્યાસક્રમ | સ્નાતક અભ્યાસક્રમ | પરીક્ષાની તારીખ/ સમય |
|---|---|---|---|
| એ-ગ્રુપ | | | |
| કૃષિ ઈજનેરી / રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જી. તથા ફૂડ ટેકનોલોજી માટે ઇચ્છુક ઉમેદવારોએ બંને અભ્યાસક્રમ માટે અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે. | | | |
| ૧ | • કૃષિ ઈજનેરી<br>• એગ્રો પ્રોસેસીંગ | • કૃષિ ઈજનેરી<br>• રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટલ એન્જી. | ૦૨/૦૮/૨૦૨૨<br>૧૪.૦૦ થી ૧૫.૩૦ |
| | | • ફૂડ ટેકનોલોજી | ૦૨/૦૮/૨૦૨૨<br>૧૧.૩૦ થી ૧૩.૦૦ |
| બી-ગ્રુપ | | | |
| ૩ | • કૃષિ | • કૃષિ | ૦૨/૦૮/૨૦૨૨<br>૦૯.૦૦ થી ૧૦.૩૦ |
| ૪ | • બાગાયત | • બાગાયત | ૦૨/૦૮/૨૦૨૨<br>૧૬.૩૦ થી ૧૮.૦૦ |
| ૫ | • ગૃહ વિજ્ઞાન/ કૉમ્યુનિટી સાયન્સ<br>• ન્યૂટ્રીશન અને ડાયેટેટીક્સ | • કૉમ્યુનિટી સાયન્સ | ૦૨/૦૮/૨૦૨૨<br>૧૧.૩૦ થી ૧૩.૦૦ |

પરીક્ષાનું પરિણામ અને મેરીટ યાદી તા.૦૩/૦૮/૨૦૨૨ના રોજ ૧૮.૦૦ કલાકે વેબસાઇટ d2d.gsauca.in ઉપર મૂકવામાં આવશે અને પરીક્ષામાં ૪૦ ગુણથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહી. ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે લેખિત પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦% અને તેમના ડીપ્લોમાના OGPA ના ૬૦% ભારાંકને ને ધ્યાને લઈ અંતિમ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. તા.૦૬/૦૮/૨૦૨૨ના રોજ પ્રવેશ ફોર્મમાં પસંદ કરેલ યુનિવર્સિટી ખાતે વેબસાઈટ પર મૂકવામાં આવેલ લાયક ઉમેદવારોએ રૂબરૂ કાઉન્સેલીંગ સ્થળ પર હાજર રહેવાનું રહેશે. જ્યાંથી તેઓને સંલગ્ન કોલેજમાં મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે અને ત્યારબાદ જરૂરી પ્રમાણપત્રો અને તેની સ્વપ્રમાણિત નકલો (એક સેટ) તેમજ ફી સાથે ફાળવવામાં આવેલ કોલેજ ખાતે રૂબરૂમાં હાજર થવાનું રહેશે. વધુ માહિતી/સૂચના વખતો-વખત વેબસાઈટ d2d.gsauca.in ઉપર મુકવામાં આવશે જેથી સદર વેબસાઇટની અચૂક મુલાકાત લેવી.

તા.૧૦/૦૭/૨૦૨૨

નોડલ અધિકારીશ્રી (ડીપ્લોમા ટુ ડિગ્રી એ-ગ્રુપ અને બી-ગ્રુપ પ્રવેશ) અને કુલપતિશ્રી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ